શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઉપક્રમે

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ લોકલ સેલ્ફ-ગવર્નમેન્ટ
દ્વારા આયોજીત

વડોદરા મહાનગર સેવા સદનના કર્મચારીઓ માટે

ટૂંકા ગાળાના અભ્યાસક્રમ માટેનું
વાંચન સાહિત્ય

ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ની અગત્યની જોગવાઈઓ

Founded in 1926

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ લોકલ સેલ્ફ-ગવર્નમેન્ટ

નહેરૂ ભવન, રાજમહેલ રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૧. ફોન : ૦૨૬૫ - ૨૪૩૩૨૫૨

રીજીનલ ઑફિસ :

અર્બન સેન્ટર ફોર એજ્યુકેશન એન્ડ રીસર્ચ

બરફીવાલા કેમ્પસ, ખાનપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન : ૦૭૯ - ૨૫૬૦ ૧૨૯૬ / ૨૫૬૦ ૧૮૩૫

વેબસાઈટ : www.aiilsg.org

Scanned by CamScanner

Special
MPHW FHW SI
Telegram

▶ જોડાઓ અમારી સાથે
→ WhatsApp ગ્રુપ 9429213312 પર તમારૂ નામ લખી મેસેજ કરો.
→ Telegram ચેનલ https://t.me/MPHWFHWSI

GovtBharti.info

- ✓ શું તમે પરિક્ષા પાસ કરવા માગો છો ?
- ✓ શું આરોગ્યલક્ષી સંપૂર્ણ માહિતી મેળવવા માગો છો?
- ✓ શું જુના પેપર અને મટીરીયલ મેળવવા માગો છો?

તો આજે જ જોડાઓ અમારી સાથે...

અમારી ટેલીગ્રામ ચેનલમાં જોડાવવા માટે અહીં ક્લિક કરો.
@govtbharti_info
Join us on Telegram

અમારી ટેલીગ્રામ ચેનલમાં જોડાવવા માટે અહીં ક્લિક કરો.
@MPHWFHWSI
Join us on Telegram

GovtBharti.info
Get Your JOB
Visit Website

Follow us on Instagram
Find us on: facebook
Follow us on twitter

તમામ માહિતી તમારા મોબાઇલ પર મેળવવા તમારું નામ લખીને 9429213312 પર WhatsApp મેસેજ કરો.

અગત્યની જોગવાઈઓ :

૧. મહાનગર પાલિકાની રચના અને સભ્યોની ચૂંટાવાની લાયકાત :

કલમ : ૩-એ. શહેરની હદમાં થતા ફેરફારની અસર :

૧(અ) હયાત શહેરમાં લાદવામાં, બનાવવામાં કે જારી કરવામાં આવેલ દરેક નિયમ, પેટા નિયમ, પરવાનગીઓ, પરવાના, યોજનાઓ હુકમો કરવેરા, જાહેરનામા, નિમણુંકો વગેરે નવિન સમાવિષ્ટ કરેલા વિસ્તારોમાં પણ લાગુ પડશે અને અમલ કરવાનો રહેશે.

(બ) સમાવિષ્ટ કરવામાં આવેલ વિસ્તારોમાં જો કોઈ નિયમ, પેટા નિયમ, પરવાનગી, પરવાના, યોજનાઓ હુકમો, કરવેરા, જાહેરનામા નિમણુંકો વગેરે સમાવિષ્ટ થતાં અગાઉ લાદવામાં, બનાવવામાં કે જારી કરવામાં આવ્યા હોય અને તે હયાત શહેરમાં લાદવામાં, બનાવવામાં કે જારી કરવામાં આવેલ નિયમો, પેટા નિયમો, પરવાનગી, પરવાના, યોજના, હુકમો, જાહેરનામા, નિમણુંકો વગેરેથી વિરોધાભાસી હશે તો તે મોકુફ કરાયેલા ગણાશે.

૨. જયારે બંધારણના આર્ટીક ૨૪૩ કયુ હેઠળ શહેરનો કોઈ વિસ્તાર બાકાત કરવામાં આવ્યો ત્યારે તે શહેરની સામાન્ય સભા ધ્વારા લાવદામાં, બનાવવામાં આવેલ કે જારી કરવામાં આવેલ નિયમો, પેટા નિયમો, પરવાનગી, પરવાના, યોજનાઓ હુકમો વગેરે બાકાત કરાયેલા શહેરના ભાગમાં ચાલુ રહેશે કે જયાં સુધી તે અસરમુકત કરવામાં ન આવે અગર તો સુધારવામાં ન આવે.

Scanned by CamScanner

૩. જ્યારે બંધારણના ક્લોઝર : આર્ટિકલ ૨૪૩ કયુ હેઠળ શહેરની હદ નીચે મુજબ લાદવામાં આવે ત્યારે

(અ) કેટલોક વિસ્તાર સમાવિષ્ટ કરવામાં આવે

અથવા

(બ) કેટલાક વિસ્તાર બાકાત કરવામાં આવે ત્યારે રાજય સરકાર સરકારી ગેઝેટમાં નીચેની વિગતો બાબતે સ્પષ્ટતા પ્રગટ કરવાની રહેશે.

(૧) સભાસદોની સ્ખ્યામાં વધારો કરી સદર વિસ્તારના મત આપવાને લાયકમાંથી વધારાના સભાસદની ચૂંટણી કરવાની રહેશે અને તેમની મુદત મહાનગર પાલિકાની બાકી રહેલી મુદત પુરતી રહેશે.

(૨) જે વિસ્તાર બાકાત કરવામાં આવ્યો હોય તે વિસ્તારના સભાસદને રાજય સરકાર દુર કરી શકશે.

(૩) સમાવિષ્ટ થતાં વિસ્તારના સત્તા મંડળની અસ્કયામતો, હકકો અને જવાબદારીઓ સમાવિષ્ટ કરતા સ્થાનિક સત્તા મંડળમાં તબદીલ થશે (કરારો સહિત) તે તબદીલીની શરતો અને બોલીઓ રાજય સરકાર નકકી કરશે.

(૪) સમાવિષ્ટ થતા સ્થાનિક સત્તા મંડળ પરના કાયદાકીય પ્રકરણો સમાવિષ્ટ કરનાર સ્થાનિક સભા મંડળમાં તબદીલ થશે.

(૫) સ્થાનિક સત્તા મંડળ કે જે સમાવિષ્ટ થાય છે તેના બદલી : પુનઃ નિમણુંક, દુર કરવા વિષેની જોગવાઈ આવા પ્રકાશનમાં કરવાની રહેશે.

Scanned by CamScanner

(૬) સમાવિષ્ટ થતાં કે બાકાત થતાં વિસ્તારના બજેટ એસ્ટીમેટ, એસેસમેન્ટ, એસેસમેન્ટ બુક, લીસ્ટ મુલ્યાંકન, વિભાગીકરણ વગેરે તેવી જોગવાઈ સુપર સીડ (૨૬) ન થાય અથવા સુધારો ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે.

(૭) ઉપરોકત (અ) અને (બ) ના ફેરફારોના કારણે કોઈ મુશ્કેલી ઉભી થાય તો તે દૂર કરવા બાબતે.

૪. ઉપર પેટા કલમ-૩ માં જણાવ્યા મુજબ અસ્કયામતો, હકકો અને જવાબદારીઓ કે જે સમાવિષ્ટ થનાર સ્થાનિક સત્તા મૂંડળની હતી તે તબદીલી બાદ જેમાં વિસ્તાર સમાવિષ્ટ થાયછે તે સ્થાનિક સત્તા મંડળની થશે.

૫. સ્થાનિક સત્તા મંડળની હદમાં ફેરફાર થયે મહાનગર પાલિકાની જે શહેર માટે રચના ફેરફાર થતાં અગાઉ થયેલી છે તે તેની મુદત પુરી થતાં સુધી અગાઉ જણાવેલી જોગવાઈઓનો અમલ કરશે અને મુદત પુરી થયા બાદ આ કાયદાની જોગવાઈ મુજબ પુનઃ રચના થશે.

<u>કલમ-૪ : મ્યુનિસિપલ સત્તાધિકારીઓ</u>

(એ.) મહાનગર પાલિકા.

(બી) સ્થાયી સમિતિ

(સી.) મ્યુનિસિપલ કમીશ્નર.

(ડી.) ટ્રાન્સપોર્ટ કમીટી

(ઈ) ટ્રાન્સપોર્ટ મેનેજર.

<u>કલમ : ૫ (૧) :</u>

(૨) દરેક મહાનગર પાલિકામાં સીધી ચૂંટણીથી ચૂંટાયેલા સભાસદો હશે.

Scanned by CamScanner

૩) જયા સામાન્ય ચૂંટણી યોજવાની હશે.

(૧) વિશાળ શહેરી વિસ્તાર બંધારણના આર્ટિકલ ૨૪૩ કયુ. હેઠળ જાહેર કર્યો હોવો જોઈએ.

(૨) સેન્સસ એકટ, ૧૯૪૮ હેઠળ વસ્તી ગણત્રી કરી તેના સબંધિત આંકડા જાહેર કરાયેલા જોઈશે.

(૩) શહેરની હદ બદલવામાં આવે તો

(એ.) રાજય સરકારે શહેરને વોર્ડમાં વિભાત કરવાનો રહેશે અને તે દરેક વોર્ડમાંથી કેટલા સભાસદ ચૂંટવાના છે તે જાહેર કરવાનું રહેશે. અને તેમાં અનુસૂચિત જાતિ, જનજાતિ, પછાત વર્ગ અને મહિલાઓ માટે કેટલી બેઠકો અનામત રાખવાની છે તે જાહેર કરવાનું રહેશે.

(બી.) ત્યારબાદ રાજય ચુંટણી પંચ વોર્ડની હદ નકકી કરી અનામત બેઠકોની વિગતો જાહેર કરશે.

તે ઉપરાંત ચુંટણી બાબતેની અન્ય જોગવાઈ છે.

કલમ : ૮ : સભાસદની લાયકાત અને ગેરલાયકાત :

(૧) જે વ્યકિતનુંન ામ કલમ-૯ માં ઉલ્લેખેલી મતદારોની યાદીમાં હોય તે દરેક વ્યકિત આ અધિનિયમ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા અન્વયે ગેરલાયક હોય તે સિવીાય મત આપવાને લાયક ગણાશે અને આવી યાદીમાં જેનું નામ હોય તે દરેક વ્યકિત આવી યાદી જે વિભાગને લગતી હોય તેના સભ્યની ચૂંટણી વખતે મત આપવાને લાયક ગણાશે નહિ.

Scanned by CamScanner

(૨) જે વ્યક્તિનું નામ મતદારોની યાદીમાં હોય તે દરેક વ્યક્તિ આ અધિનિયમ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા અન્વયે ગેરલાયક હોય તે સિવાય, ચૂંટાવાને લાયક ગણાશે અને જે વ્યક્તિ ઉમેદવારી પત્ર સ્વિકારવા માટે નકકી કરેલી છેલ્લી તારીખે એકવીસ વર્ષની થઈ હોય તે દરેક વ્યક્તિ અને આવી યાદીમાં જે વ્યક્તિનું નામ ન હોય તે દરેક વ્યક્તિ નગરના કોઈ વોર્ડ માટેની ચૂંટણી વખતે પૂંટાવાને લાયક ગણાશે નહી.

(૩)કોઈ વ્યક્તિએ પહોરેલી કોઈ ગેરલાયકાતને આધીન રહીને, મતદારોની યાદી, તે વ્યક્તિ કોઈ ચૂંટણીમાં મત આપવાને લાયક છે કે લાયક નથી તે બાબતના આ કલમ અન્વયે નિર્ણય કરવાના હેતુ સારુ, નિર્ણાયક પુરાવો ગણાશે.

કલમ: ૧૦ : સભાસદ થવાની સામાન્ય ગેરલાયકાતો :

(૧) કોઈ વ્યક્તિ-

અ(ક) જેને-

(૧) આ અધિનિયમના આરંભ પહેલા અથવા પછી, ભારતમાંની કોઈ કોર્ટે :

(૧)એ.(ક) અસ્પૃશ્યતા(સબંધી ગુનાઓ) બાબતના અધિનિયમ ૧૯૫૫ (સન ૧૯૫૫ મો ૨૨ મો) અન્વયે અથવા મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ અન્વયે કોઈ ગુના માટે દોષિત ઠરાવી હોય, અથવા

બી.(ખ) બીજા કોઈ ગુના માટે દોષિત ઠરાવી હોય અને છ મહિના કરતાં ઓછી ન હોય તેવી કેદની શિક્ષા કરી હોય, સિવાય કે તેનીદોષસિધ્ધિ પછી અને તેને કેદની શિક્ષા ફરાવવામાં આવેલી હોય તો તેની મુકિત પછી, ચાર વર્ષની મુદત અથાવ કોઈ અમુક દાખલામાં, રાજય સરકાર છુટ આપે તેવી ઓછી મુદત વીતી હોય, અથવા

Scanned by CamScanner

(૨) કલમ-૩૭ અન્વયે હોદ્દા પરથી દુર કરવામાં આવી હોય અને એ રીતે દુર કર્યાની તારીખથી ચાર વર્ષની મુદત વીતી ન હોય, સિવાય કે તેને હોદ્દા પરથી તે રીતે દુર કરવાના કારણે ઉદ્‌ભવતી ગેરલાયકાતમાંથી આ અર્થે રાજય સરકારને જો પોતાને યોગ્ય લાગે તો જે હુકમ કરવાનો અધિકાર આથી આપવામાં આવે તેવા હુકમથી મુકિત કરવામાં આવી હોય, અથવા

બી.(ખ) અપ્રમાણપત્રિત દેવાળિયો અથવા મુકત કરવામાં નહિ આવેલી નાદાર હોય, અથવા

સી.(ગ) અસ્થિર મગજની હોય અને કોઈ સત્તા ધરાવતી કોર્ટે જેને તેવી ઠરાવેલી ચાલુ રાખી હોય, અથવા

ડી.(ઘ) ભારતની નાગરિક ન હોય અથવા જેણે સ્વેચ્છાપુર્વક કોઈ વિદેશી રાજયની નાગરિકતા પ્રાપ્ત કરી હોય અથવા કોઈ વિદેશી રાજય પ્રત્યેની નિષ્ઠા અથવા અનુષકિતનો જેનો સ્વિકાર ચાલુ હોય, અથવા

ઈ(ચ) ન્યાયાધીશ હોય, અથવા

એફ.(છ) સરકારની અથવા પંચાયતની અથવા નગરપાલિકાની પગારદાર કર્મચારી હોય, તે સભ્ય થઈ શકશે નહિ.

(જ.) રાજય વિધાન મંડળની ચુંટણીઓના હેતુ માટે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાથી અથવા તેહેઠળ ગેરલાયક ઠરાવવામાં આવી હોય,

પરંતુ ગુજરાત સ્થાનિક સત્તામંડળોને લગતા કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ના આરંભની તારીખ (જેનો આ ખંડમા હવે પછી, આવા આરંભની તારીખ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના રોજ બે કરતાં વધુ બાળકો ધરાવતી હોય તેવી વ્યકિતને, આવા

Scanned by CamScanner

આરંભની તારીખથી તે જેટલા બાળકો ધરાવતી હોય તે સંખ્યામાં વધારો ન થાય, ત્યાં સુધી આ ખંડ હેઠળ ગેરલાયક ઠરાવી શકાશે નહિ.

વધુમાં, આવા આરંભની તારીખથી એક વર્ષની મુદતની અંદર એકજ પ્રસુતિ દરમિયાન જન્મેલા એક અથવા એક કરતાં વધુ બાળકોને આ ખંડ હેઠળ ગેરલાયકાતના હેતુ માટે વિચારણામાં લેવાશે નહિં.

<u>સ્પષ્ટીકરણ : આ ખંડના હેતુ માટે,</u>

(૧) આવા આરંભની તારીખે અથવા તે પછી કોઈ દંમતી માત્ર એકજ બાળક ધરાવતું હોય, ત્યારે ત્યારપછીની કોઈ એક જ પ્રસુતિ દરમિયાન ગમે તે સંખ્યામાં જન્મેલા બાળકો એકજ બાળક તરીકે ગણાશે,

(૨) બાળક માં દત્તક લીધેલ બાળક અથવા બાળકોનો સમાવેશ થશે નહિં.

૩. સન ૧૯૬૪ ના ગુજરાતના ૩૪ મા અધિનિયમની કલમ ૧૧ નો સુધારો : ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ માં, કલમ ૧૧ માં, પેટા-કલમ (૧) માં ખંડ જ () પછી, નીચેનો ખંડ દાખલ કર્યો છે.

(ઝ) (એચ.) તે બે કરતાં વધુ બાળકો ધરાવતો હોય :

(ગુજરાત સ્થાનિક સત્તામંડળોને લગતા કાયદા (સુધારા), અધિનિયમ, ૨૦૦૫-સન ૨૦૦૫ નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૭ થી) (ગુજરાત લોકલ ઓથોરીટી લોઝ એમેન્ડમેન્ટ એકટ ૨૦૦૫)

તે સભ્ય થઈ શકશે નહિ. પરંતુ તે પચીસ વર્ષથી ઓછી ઉમરની છે તે કારણે ગેરલાયક ઠરાવવામાં આવી હોય ત્યારે, તે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ પહેલા એકવીસ વર્ષની થાય, તો કાઉન્સિલર થઈ શકશે.

Scanned by CamScanner

(૩) જે કોઈ વ્યકિત-

એ. (ક) મહાનગરપાલિકાની અંશકાલિન અધિકારી અથવા નોકર હોય, અથવા

બી.(ખ) મહાનગરપાલિકાની તેની પાસે (ટ્રસ્ટી તરીકે હોય તે સિવાયની) લેણી નીકળતી હોય તેવી કોઈલ પ્રકારની કોઈપણ બાકી તેના પર આ અર્થે ખાસ નોટિસ રાજય સરકારે કરેલા નિયમનો અનુસાર બજાવવામાં આવી હોયત્યાર છપી ત્રણ મહિનાની અંદર આપવાને ચુકે, અથવા

સી. (ગ) આમાં હવે પછી ઠરાવ્યું હોય તે સિવાય મહાનગરપાલિકાના હુકમમાંથી કરેલા કોઈ કામમાં અથવા મહાનગરપાલિકા સાથેના કે મહાનગરપાલિકાએ કરેલા કે તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા મહાનગરપાલિકા કે તેના તાબા હેઠળની કોઈ નોકરીના સબંધમાં જાતે કે પોતાની ભાગીદારી મારફત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ ભાગ કે હિત ધરાવતી હોય, અથવા

ડી (ઘ)મહાનગરપાલિકાના કોઈ અધિકારીને કે નોકરને ધીરેલાં નાણાં અથવા તેની પાસેથી ઉછીનાં લીધેલા નાણાંની કોઈ લોનના વ્યવહારમાં જાતે કે પોતાના ભાગીદાર મારફત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈપણ ભાગ કે હિત ધરાવતી હોય. તે વ્યકિત આવી મહાનગરપાલિકાનો સભ્ય થઈ શકશે નહિ.

૩-એ.(ક) કોઈ વ્યકિત

(૧) કોઈ સ્થાવર મિલકતના પેટા વેચાણ અથવા ખરીદીમાં અથવા તે બાબતની કોઈ કબુલાતમાં કાંઈ ભાગ કે હિત ધરાવતી હોય, અથવા

(૨) કોઈ જોઈન્ટ સ્ટોક કંપની ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ નો ગુજરાતનો ૧૦ મો) અન્વયે નોંધાયેલી ગણાતી કોઈ મંડળી

Scanned by CamScanner

મહાનગરપાલિકા સાથે કરાર કરે અથવા તેવી કંપની અથવા મંડળીને મહાનગરપાલિકા રોકે અથવા મહાનગરપાલિકા વતી કામે રાખવામાં આવે તે જોઈન્ટ સ્ટોક કંપનીમાં અથવા તો મંડળીમાં ભાગ અથવા હિત ધરાવતી હોય, અથવા

(૩) મહાનગરપાલિકાના કામકાજને લગતી કોઈ જાહેરખબર જેમાં આપવામાં આવે તેવા કોઈ વર્તમાનપત્રમાં ભાગ અથવા હિત ધરાવતી હોય, અથવા

(૪) મહાનગરપાલિકાએ કાઢેલી અથવા તેના વતી કાઢવામાં આવેલી કોઈ લોનની ડિબેન્ચર ધરાવતી હોય, અથવા તેમાં બીજી રીતે હિત ધરાવતી હોય, અથવા

(૫) જે કોઈ ચીજનો પોતે નિયમિતપણે વેપાર કરતી હોય તે ચીજનું પ્રસંગોપાત મહાનગરપાલિકાને વેચાણ કરવામાં આવતું હોય અથવા કોઈ ચીજ મહાનગરપાલિકા પાસેથી ખરીદવામાં આવતી હોય, એ બેમાંથી કોઈપણ બાબતમાં કોઈપણ સરકારી વર્ષમાં એક હજાર રુપિયા કરતાં વધે નહી તેટલી રકમના અથવા રાજય સરકારશ્રીની મંજુરીથી પાંચ હજાર રુપિયા કરતાં વધે નહિ તેવી જે વધુ રકમ મહાનગરપાલિકા આ અર્થે નકકી કરે તેટલી રકમ વેચાણ અથવા ખરીદીમાં ભાગ અથવા હિત ધરાવતી હોય. પરંતુ નિયંત્રિત ચીજ હોય તેવી કોઈ ચીજના વેચાણ અથવા ખરીદીમાં ભાગ અથવા હિત હોય અને યથાપ્રસંગ તેનું વેચાણ અથવા ખરીદી, રાજય સરકારની પુર્વમંજુરી લઈને કરવામાં આવે ત્યારે આ ખંડથી મુકેલી કિંમત અંગેની મર્યાદા, આવા ભાગ અથવા હિતને લાગુ પડશે નહિ.

સ્પષ્ટીકરણ : પેટા પરિચ્છેદ (૫) ના હેતુ સારુ નિયંત્રિત ચીજ એટલે, જે કોઈ ચીજની ખરીદી, વેચાપ, વહેંચણી, સ્ટોરેજ અને કિંમત અથવા તે પૈકી દરેકનું નિયમન તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા અન્વયે કરવામાં આવે તે ચીજ, અથવા

Scanned by CamScanner

(૬) કોઈ સરકારી વર્ષમાં બસો રુપિયા કરતાં વધે નહિ તેવી અથવા રાજ્ય સરકારની મંજુરીથી એક હજાર રુપિયા કરતાં વધે નહિ તેવી જે વધુ રકમ મહાનગરપાલિકા આ અર્થે નકકી કરે તેટલી રકમ કોઈ ચીજ મહાનગરપાલિકાને પ્રસંગોપાત ભાડે આપવામાં અથવા તેની પાસેથી ભાડે લેવામાં ભાગ અથવા હિત ધરાવતી હોય, અથવા

(૭) કલમ ૧૧૯ ની અથવા કલમ ૨૨૯ ની પેટા કલમ (૧) ના પરંતુક એ. (ક) ની જોગવાઈઓ અન્વયે મહાનગરપાલિકા સાથે કરવામાં આવેલી કોઈ કબુલાતમાં પક્ષકાર હોય, અથવા

(૮) મહાનગરપાલિકાની અથવા તેના તાબા હેઠળની નોકરીમાં હોય અથવા મહાનગરપાલિકાએ અથવા તેના વતી નોકરીએ રાખેલી હોય તેવી વ્યકિતની માત્ર કોઈ સગી હોય, તેટલા કારણસર, પેટાકલમ (૨) ના ખંડ (૩) અન્વયે ગેરલાયક થઈ છે એમ ગણાશે નહિં.

બી.(ખ) મહાનગરપાલિકાના કોઈ અધિકારીને અથવા નોકરને કોઈ સહકારી મંડળી નાણાંની કોઈ લોન ધીરતી હોય અથવા જેણે ધીરેલ હોય અથવા તેવા કોઈ અધિકારી અથવા નોકર પાસેથી જે નાણાં ઉછીનાં લેતી હોય અથવા જેણે ઉછીનાં લીધાં હોય તેવી સહકારી મંડળીના કોઈ ડિરેકટર અથવા સભ્ય હોય તેટલા કારણસર પેટાકલમ (૨) ના ખંડ (ઘ) અન્વયે ગેરલાયક થઈ છે એમ ગણાશે નહિં.

(૪) જે કોઈ વ્યકિત પોતાના હોદ્દાની મુદત દરમિયાન, કોઈપણ સમયે ગુજરાતના પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તાંમંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતાં અધિનિયમ, ૧૯૮૬ (સને ૧૯૮૬ નો ગુજરાતનો ૨૩ મો) હેઠળ, કાઉન્સિલર

Scanned by CamScanner

થવા માટે ગેરલાયક ઠરી હોય તે વ્યકિત એવા કાઉન્સિલર તરીકે હોદ્રો ધરાવતી બંધ થશે.

કલમ-૧૨ : મતદારોની સામાન્ય ગેરલાયકાતો :

કોઈ વ્યકિત એ. (ક) અસ્થિર મગજની હોય અને સત્તા ધરાવતી કોઈ કોર્ટે તેને તેવી ઠરાવેલી ચાલુ રાખી હોય અથવા બી.(ખ) ભારતનો નાગરિક ન હોય અથવા તેણે સ્વેચ્છાપુર્વક કોઈ વિદેશી રાજયની નાગરિકતા પ્રાપ્ત કરી હોય અથવા કોઈ વિદેશી રાજય પ્રત્યેની નિષ્ટા અથવા સંલગ્નતાનો તેનો સ્વીકાર ચાલુ હોય, તો તે આ અધિનિયમ અન્વયેની મહાનગરપાલિકાની કોઈપણ ચુંટણીમાં મત આપી શકશે નહી.

કલમ-૨૦ : સ્થાયી સમિતિની રચના :

(૧) ૧૨ સભાસદોની સ્થાયી સમિતિ બનશે.

(૨) સામાન્ય ચૂંટણી પછી કોર્પોરેશન તેની પ્રથમ બેઠકમાંકોર્પોરેશન તેની બોડીમાંથી ૧૨ સભાસદોની સ્થાયી સમિતિના સભ્ય તરીકે નિમણુંક કરશે.

(૩) ૧/૨ સભાસદો દરેક વર્ષે વર્ષ પુરુ થવાના દિવસે બપોરે નિવૃત્ત થશે જોકે સામાન્ય ચુંટણી પછી સ્થાયી સમિતિના તમામ સભ્યો નવી સમિતિની નિમણુંક થતાં નિવૃત્ત થશે.

(૪) જે ૧/૨ સભ્યોને તેઓની ચૂંટણી બાદ નિવૃત્તી થવાનું છે તે પ્રથમ વર્ષે ડ્રો ઓફ લોટથી નકકી થશે ત્યારબાદના વર્ષોમાં જે સભાસદ લાંબામાં લાંબા સમય માટે હોય તે ૧/૨ સભાસદો નિવૃત્ત થશે.

(૫) કોર્પોરેશન તેની મીટીગમાં જે માસમાં સભાસદો નિવૃત્ત થવાના હોય તેના અગાઉના માસમાં નિવૃત્તી થતા સભાસદોને સ્થાને નવા સભાસદોની નિમણુંક કરશે.

Scanned by CamScanner

(૬) સ્થાયી સમિતિના સભાસદ હો તો મટી જાય તે સભાસદ પુનઃ નિયુકતીને પાત્ર છે.

કલમ : ૨૧ : સ્થાયી સમિતિના અધ્યક્ષની નિમણુંક :

સ્થાયી સમિતિના સભાસદો તેમની પ્રથમ મીટીગમાં અને ત્યારપછી દરેક વર્ષની પ્રથમ મીટીગમાં તેમનામાના એકને અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢશે.

કલમ : ૨૨ : સ્થાયી સમિતિના સભાસદની ગેરહાજરી :

સ્થાયી સમિતિની મંજુરીથી બે માસની મીટીગોમાં ગેરહાજર રહી શકાય પરંતુ મજુરી વગર ગેરહાજર રહે તો અને ચાર માસની થતી મીટીગોમાં મંજુરી સહ કે મંજુરી વગર ગેરહાજર રહે તો તેવા સભાસદ સભાસદતા ગુમાવશે.

કલમઃ ૩૬ કમિશ્નરની નિમણુંક વખતો વખત રાજય સરકાર કરશે.

કમિશ્નરની નિમણુંક મહત્તમ ત્રણ વર્ષ માટે થશે અને તે વખતો વખત વધારી શકાશે પરંતુ એકી સાથે ત્રણ વર્ષ કરતાં વધારે મુદત માટે વધારી નહિ શકાય.

કલમ :૪૪ પ્રશ્ન પુછવાનો હકક :

નિયમોને આધીન રહી આ કાયદાના વહીવટ માટે તથા શહેરની સ્થાનિક સરકારના સંચાલન માટે પ્રશ્નો પુછી શકાશે.

શીડયુલ-એ.ના પ્રકરણ : ૨ ના નિયમ ૫ મુજબ

(૧) કાયદાકીય પ્રશ્નના નિરાકરણ માટે કે કાલ્પનિક સંજોગો સંદર્ભે.

(૨) કોર્ટમાં ચાલતા દાવાઓ લગત

(૩) કોઈ અધિકારી કર્મચારીના ચારિત્રને લગત

(૪) કોઈ વ્યકિત, વ્યકિત સમુહ, જાતિને અપમાનજનક બાબતો વિષે

પ્રશ્નો પુછી શકાશે નહિં.

Scanned by CamScanner

કલમ : ૫૬ શિક્ષાત્મક જોગવાઈઓ :

(૧) કમિશ્નર યોગ્યસક્ષમ સત્તાધિકારી) કલમ ૫૬ (૨) માં જણાવેલી શિક્ષાઓ અમુક યત્તા સુધીની અધિકારીઓ/ કર્મચારીઓને કરી શકશે.

અહી યોગ્ય સક્ષમ સત્તાધિકારી એટલે નિમણુંક આપનાર અધિકારી.

(૨) નીચે મુજબની શિક્ષાઓ કરી શકાશે.

(અ) ઠપકો

(બ) ઈજાફો, પ્રમોશન, લાયકી આંક પર ઈજાફો રોકવો

(ક) પાયરી ઉતાર

(ડ) દંડ

(ઈ) વેતનમાંથી નાણાંકીય નુકશાનની વસુલાત

(ફ) ફરજ મોકુફી

(ગ) ભવિષ્યની નિમણુંક માટે ગેરલાયક ન ઠરે તે રીતે નોકરીમાંથી દૂર કરવું.

((હ) ભવિષ્યની નિમણુંક માટે ગેરલાયક ઠરે તે રીતે નોકરીમાંથી બરતરફ કરવું.

(૩) કોઈપણ અધિકારી કર્મચારીને બચાવની પુરતી અને વ્યાજબી તક આપ્યા સિવાય નીચલી પાયરી ઉપર ઉતારવું નહિ, દૂર કરવું નહિ તેમજ બરતરફ કરવું નહિ.

(૪) અપીલ જોગવાઈ :

શિક્ષાના હુકમમાં નીચલી પાયરી ઉપર ઉતારવાનો, દુર કરવાનો કે બરતરફ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોય તો તે હુકમ બજયા તારીખથી દિન-૩૦ માં ઉપલી સત્ત મંડળને વ્યથિત કર્મચારી અધિકારી અપીલ કરી શકે છે તે સંદર્ભે કમિશ્નર ધ્વારા કરવામાં આવેલી શિક્ષા સામે સ્થાયી સમિતિમાં અપીલ કરી શકાય. અને સ્થાયી સમિતિએ શિક્ષા કરી હોય તો કોર્પોરેશનને અપીલ કરી શકાય.

Scanned by CamScanner

શ્રી

કલમ : ૬૨ તાકીદની પરિસ્થિતિ જાહેર કરવાની રાજય સરકારની સત્તા :

રાજય સરકારને શહેરની સલામતી, આરોગ્ય કે જરુરી આવશ્યક સેવા બરાબર નિભાવતી નથી કે જોખમાય છે ત્યારે સરકારી ગેઝેટમાં જાહેરનામુ બહાર પાડી તેવા શહેરમાં તાકીદની પરિસ્થિતિ જાહેર કરી શકે છે અને તે કારણે જાહેર જરુરીયાતની સેવાના કોઈ સત્ય તેટલા સમય માટે કે જે જાહેરનામામાં નિર્દિષ્ઠ કર્યો હોય તે દરમ્યાન

(અ) ફરજ પરથી બિમારી કે અકસ્માતના કારણો સિવાય ગેરહાજર રહી શકશે નહિ.

(બ) ફરજ બજાવવાનું ટાળે કે નકારે અથવા એવી રીતે ફરજ બજાવે કે જે આવા જાહેરનામામાં દર્શાવેલ અધિકારી (રાજય સરકારે) ના મંતવ્ય મુજબ બીન કાર્યક્ષમ હોય તેવું કરી શકશે નહિ.

કલમ ૬૩ માં ફરયાત ફરજો અને કલમ ૬૬ માં મરયાત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કલમ ૬૭: મ્યુનિસિપલ સત્તા મંડળના કાર્યો :

સદર કાર્યોમાં મ્યુનિસિપલ કમિશ્નરને કલમ ૬૭ (૩) સી. હેઠળ કેટલીક તાકીદના કામો કરવાની સત્તા આપી છે. બજેટ ગ્રાંટમાં જોગવાઈ ન હોય તો પણ કમિશનર શહેરની સલામતી તેમજ કોર્પોરેશનની મિલકત માટે આવા તાકીદના કામો કરવા ખર્ચ કરી શકશે પરંતુ આવા કરેલા કામોનો અહેવાલ કારણોસહ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવાનો રહેશે.

સત્તા હસ્તાંતરણ :

કલમ ૬૯ આ કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ મ્યુનિ. કમિશનરને મળેલી સત્તાઓ અને કાર્યો સ્થાયી સમિતિની પુર્વ મંજુરીથી અન્ય અધિકારીઓને હસ્તાંતરીત કરી શકે છે.

કરારો :

Scanned by CamScanner

કલમ : ૭૩ °

કમિશ્નર આ કાયદાના હેતુઓ બર લાવવા કોર્પોરેશન વતી કરારો કરશે જેમાં સ્થાયી મિલકતોના સંપાદન અને નિકાલની બાબતો કે જેમાં કોર્પો.નું હિત સમાયેલુ છે તે પણ સમાવિષ્ટ થશે.

(૧) રૂું.૫૦૦૦/- ઉપરાંતના ખર્ચના કરાર કમિશ્નર એ સ્થાયી સમિતીની પુર્વ મંજુરીથી કરવાના છે.

(૨) રૂું. ૧૦૦૦/- થી વધુ પરંતુ રૂું. ૫,૦૦૦/- સુધીના કરાર કમિશ્નર કરી શકશે પરંતુ તેનો અહેવાલ તુર્ત સ્થાયી સમિતિને સાદર કરવાનો છે.

કલમ: ૭૪ :

કરાર નિયમોથી ઠરાવેલ ધોરણે કરવાના છે અન્યથા તે કોર્પોરેશનને બંધનકર્તા રહેશે નહિ.

નોંધ : કમિશ્નરે કરાર કર્યા બાદ તેના પર કોર્પોરેશનનું સીલ સ્થાયી સમિતિના બે સભાસદોની હાજરીમાં લગાવીને તે બે સભ્યોએ કરાર ઉપર તે મતલબની સહી કરવાની રહેશે.

મહાનગર પાલિકાની મિલકતો :

કલમ : ૭૯ : મહાનગર પાલિકાની મિલકતનો નિકાલ

(ડી.) મહાનગર પાલિકાની મિલકત પ્રવર્તમાન બજાર કિંમતથી ઓછી કિંમતે વેચી શકાશે નહિ, ભાડાપટ્ટે આપી શકાશે નહિ કે અન્ય કોઈ રીતે તબદીલ કરી શકાશે નહિ.

કલમ : ૮૦ : કોર્પોરેશન સામે અગર તે ધ્વારા મિલકત ઉપરના દાવાનો નિકાલ કલેકટર તપાસ કરી કરશે. કલેકટરના હુકમથી નારાજ થયેલ પક્ષકાર તેવા હુકમની જાણ થયા તારીખથી ૧ વર્ષની અંદર સક્ષમ દિવાની અદાલતમાં દાવો દાખલ કરી શકશે.

Scanned by CamScanner

કલમ : ૮૬ : મ્યુનિ. ફંડમાંથી ખર્ચ મંજુર થયેલ બજેટ ગ્રાંટ પુરતો સીમીત રહેશે સિવાય કે,

પેટા કલમ (૨) અનુસાર

(૧) આવા ખર્ચ કલમ ૧૦૨ હેઠળ સ્થા.સ.એ મજુર કરેલ હોય

(૨) તાકીદના કામો માટે કલમ : ૯૦ હેઠળના ખર્ચ.

(૩) વેરાના રીફંડ

(૪) અનામત તરીકે રાખેલા ઈજારદારના નાણાં

(૫) વળતર તરીકે ચુકવવાની રકમ

(૬) કલમ ૮૮ ના (એચ.) માં જણાવેલ સંજોગો હેઠળની ચૂકવણી.

(૭) કલમ ૩૧૯ હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રુઈએ કમિશ્નર ધવરા કરવામાં આવેલ ખર્ચ

(૮) કલમ ૬૭ (૩) (સી.) હેઠળ થયેલ ખર્ચ.

<u>મ્યુનિસિપલ કરવેરા :</u>

કલમ : ૧૨૭ (૧) મ્યુનિસિપલ કોર્પોરેશન આ કાયદાના હેતુઓ પરિપુર્ણ કરવા નીચેના વેરાઓ

લાદી શકશે.

(અ) મિલકત વેરાઓ (કલમ:૧૨૯ અને ૧૪૧ એએ.)

(બ) વાહન, હોડીઓ અને પ્રાણી પર વેરો

(ક) મોબાઈલ ટાવર પર વેરો

(૨) ઉપરોકત ઉપરાંત નીચેના વેરા પણ નાંખી શકે છે.

(બ) વ્યવસાય વેરો (ડ) થિયેટર વેરો

(ક) કુતરા વેરા (ઈ) વાહન અને પ્રાણી પરનો વેરો.

(ફ) બંધારણની જોગવાઈઓ અનુરુપ રાજય સરકાર લાદી શકે તેવા અન્ય કોઈ વેરાઓ.

Scanned by CamScanner

કલમ : ૧૨૮ વેરા વસુલવાની રીત :

મ્યુનિ. વેરા નીચે પ્રમાણે વસુલી શકાશે.

(૧) બીલ રજુ કરી.

(૨) માંગણાની સુચના બજાવી.

(૩) જંગમ મિલકત કબજે કરી વેચવાથી

(૪) સ્થાયી મિલકત ટાંચમાં લઈ

(૫) ટોલના કિસ્સામાં સામાન અને વાહન જપ્ત કરી વેચાણ કરી

(૬) મિલકત વેરાના કિસ્સામાં ભાડુ ટાંચમાં લઈ

(૭) દાવો માંડી.

કલમ : ૨૩૧ :

કમિશ્નર સૂચના આપ્યા સિવાય રસ્તા પરના, ખુલ્લી ચેનલ પરના, સ્ટ્રકચર દુર કરી શકશે, વેંચાણ માટે રાખવામાં આવેલ ફેરિયાઓના સામાનને દુર કરી શકશે.

કલમ : ૨૩૩ કોઈપણ વ્યકિત અગર તેના કુટુંબના સભ્યો રસ્તા પર પ્રાણીઓને ખુલ્લા છોડશે નહિં. કમિશ્નર અથવા મ્યુ. અધિકારી તેવા પ્રાણીઓને પોલીસને સ્વાધીન કરશે અને પોલીસ તેવા પ્રાણીઓ સાથે રખડતા પ્રાણીની સંદર્ભે કાર્યવાહી કરશે.

આકાશ ચિહનો તથા જાહેરાતો :

કલમ : ૨૪૪, ૨૪૫ :

મ્યુનિ. કમિશ્નરશ્રીની લેખિત પરવાનગી સિવાય કોઈપણ વ્યકિતએ આકાશ ચિહનો કે જાહેરાતો પ્રદર્શીત કરવાના નિયમો બનાવી શકાય છે .ડી.સી.આર.માં તે અંગેના નિયમો છે.

Scanned by CamScanner

GovtBharti.info

Get Your JOB

- ✓ શું તમે પરિક્ષા પાસ કરવા માગો છો ?
- ✓ શું પરીક્ષાની સંપૂર્ણ માહિતી મેળવવા માગો છો?
- ✓ શું જુના પેપર અને મટીરીયલ મેળવવા માગો છો?
- ✓ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી તમામ PDF બુક્સ
- ✓ ગુજરાત રાજ્ય માહીતી વિભાગ દ્વારા પ્રસિધ્ધ થતી માસિક/સામાહિક/પાક્ષિક પુસ્તકો

તો આજે જ જોડાઓ અમારી સાથે...

અમારી ટેલીગ્રામ ચેનલમાં જોડાવવા માટે અહીં ક્લિક કરો.

Join us on Telegram

અમારા WhatsApp ગ્રુપમાં જોડાવવા માટે અહીં ક્લિક કરો.

Click to Join

Follow us on Instagram | dailyhunt | Find us on: facebook | Follow us on twitter

તમામ માહિતી તમારા મોબાઇલ પર મેળવવા તમારું નામ લખીને 9429213312 પર Whatsapp મેસેજ કરો.

કલમ : ૨૬૭ : ગેરકાયદેસર બાંધકામ કલમ ૨૫૪ ની જોગવાઈઓનો ભંગ થઈ થતુ હોય તો કમિશનર તે બંધ કરવાની સુચના આપી શકે છે જો તેવું બાંધકામ બંધ ન કરવામાં આવે તો ત્યાંના માણસોને દૂર કરવાનું ફરમાવી શકશે અને તેના પુનઃપ્રવેશ ઉપર પ્રતિબંધ લાદી શકે છે. આ અંગેનો ખર્ચ ગેરકાયદા બાંધકામ કરનારે ભોગવવાનો છે.

સેનેટરી જોગવાઈઓ : All Imp

કલમ : ૨૯૦ : કમિશનરે શહેરના દરેક રસ્તાની સાફસફાઈ કરવા અને સફાઈ કરેલ કચરો દૂર કરવાની વ્યવસ્થા ગોઠાવવાની રહેશે.

કલમ : ૨૯૧ : રસ્તા ઉપરનો કચરો કોર્પોરેશનની મિલકત ગણાશે.

કલમ : ૩૦૦ : માનવ વસવાટ માટે અયોગ્ય હોય તેવા વસવાટ મકાનો તોડી પાડવા મકાનના કબજેદારને ૨૧ દિવસ કરતાં કરતાં ઓછી નહિ તેવી નોટીસ આપી તોડી શકશે પરંતુ તેને સ્થાયી સમિતિએ સાંભળવાની તક આપવાની રહેશે. સદર ૨૧ દિવસમાં તે કયા સુધારા કરવા ઈચ્છે છે તે કમિશનરને લેખિતમાં જણાવવા જોઈશે. કમિશનરે તે વિગતો સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવાની રહેશે અને આવા સુધારા કરવાથી મકાન માનવ વસવાટને લાયક બનશે કે તે ઉપર મંતવ્ય આપવાનું રહેશે. જો કમિશનર તે વિગત સ્વીકારવા સંમત ન હોય તો સ્થાયી સમિતિની પુર્વ મંજુરીથી મકાન તોડી પાડવાનો હુકમ કરી શકશે પરંતુ તે હુકમ અમલી થવાની તારીખથી ૨૧ દિવસ પહેલાનો હોવો જોઈશે.

કલમ : ૩૦૧ : મકાન તોડી પાડવાના કલમ ૩૦૦ માં જણાવેલ કરવામાં આવેલ હુકમમાં નમુદ કરેલ સમય અવધિમાં મકાન તોડી પાડવામાં ન આવે તો કમિશનર મકાન ખાલી કરાવી તોડી પાડવાનાં પગલાં લેશે.

Scanned by CamScanner

કલમ: ૩૧૯ : શહેરમાં રોગચાળો ફાટી નીકળે અથવા ફાટી નીકળવાની શકયતા હોય અને વર્તમાન વ્યવસ્થા અપૂરતી જણાતી હોય ત્યારે કમિશનર રાજય સરકારી પુર્વ મંજુરીથી તાકીદની પરિસ્થિતિ જાહેર કરી વધારાના પગલાં આવા રોગચાળાને અટગકાવવા લઈ શકે છે.

પરવાના અને પરવાનગીઓ :

કલમ : ૩૭૨ : એન્જીયર્સ, આર્કીટેકટ, સર્વેયર્સ, સ્ટ્રકચરલ ડીઝાઈનર પ્લમ્બર વગેરેને આ કાયદાના હેતુઓ માટે વાર્ષિક ધોરણે લાયસન્સ આપશે.

જે વ્યકિત લાયકાત અને અનુભવો નિયમોનુસાર ધરાવતા ન હોય તો તેઓને લાયસન્સ આપવામાં આવશે નહિં.

લાયકાત અને અનુભવ ધરાવનાર વ્યકિતને પણ તેના અસમર્થતા, ખરાબ વર્તન કે બીજા ગંભીર કારણોસર લાયસન્સ નકારી શકાય છે. તેવી વ્યકિતના માંગણી પર નકારવાના કારણોની જાણ વિના મુલ્યે કરવાની છે.

કલમ : ૩૭૪ : લાયસન્સ પ્લમ્બરે સ્થાયી સમિતિએ નકકી કરેલા દરે તેના કામ માટેની ફી લેવાની છે તે કરતાં વધુ ફી લઈ શકાશે નહિ.

ધંધા માટેના તથા પ્રાણીઓ રાખવાના પરવાના :

કલમ : ૩૭૬ : આ કલમ હેઠળ નમુદ કરેલા ધંધાઓ પરવાના મેળવ્યા સિવાય કોઈએ કરવા નહિ. પ્રાણીઓ પણ રાખવા માટે પરવાના મેળવવા ફરયાત છે.

કલમ : ૩૭૬-એ. : કમિશનરના મતે કોઈ ધંધાથી કે કૃત્યથી જાન-માલ-મિલકતને જોખમ ઉભુ થાય તેમ છે અથવા તો ન્યુસન્સ ઉભી થઈ શેક છતાં તેવા ધંધા બંધ કરવા ચોકકસ સમય-અવધિ સાથે ફરમાવી શકે છે અને જો તે બંધ ન કરવામાં આવે તો કમિશનર અથવા તેના સહાયક અધિકારી મારફતે તેવા ધંધા કે કૃત્ય બંધ કરાવી શકશે.

Scanned by CamScanner

આ પછીની કલમોમાં ખાદ્ય સામગ્રી વેચવા, કસાઈના પરવાના, ડેરી પ્રોડકટના પરવાના, ફેરિયાના પરવાના વગેરેની જોગવાઈઓ કરવામાં આવી છે.

પરવાના અંગેની સામાન્ય જોગવાઈઓ :

કલમ : ૩૮૬ :

(૧) આપવામાં આવતા દરેક પરવાનામાં પરવાનાની મુદત, તેના નિયંત્રણો શરતો અને નૂતનીકરણ માટે કયારે અરજી કરવાની છે તે વિગત દર્શાવી કમિશ્નર અગર તો તેનાસહાયક અધિકારીની સહીથી આપવાની છે.

(૨) આવા દરેક પરવાના માટે કમિશ્નરે નકકી કરેલ કોર્પોરેશનની મંજુરી મળેલ ફી ભરવાની રહેશે.

(૩) કલમ ૩૭૮ ના પ્રોવાઈઝોમાં દર્શાવેલ વિગતોને આધીન આ કાયદા હેઠળ આપેલ દરેક પરવાનો કમિશ્નર રદ્ અથવા મોકુફ કરી શકે છે એ શરતે કે આવા પરવાના ગેરરજુઆત અથવા ગોટાળાથી મેળવી હોય, પરવાનાની શરતોનો ભંગ કર્યો હોય અથવા આ કાયદાની કોઈ જોગવાઈના ઉલ્લંઘન માટે દોષિત કરેલો હોય.

(૪) પરવાનાની મુદત પુરી થયા બાદ, મોકુફ કર્યા બાદ કે રદ કર્યા બાદ જો ધંધો ચાલુ રાખે તો વગર લાયસન્સે ધંધો ચાલુ રાખ્યો કહેવાશે જયાં સુધી મોકુફ કર્યાનો અગર રદ્ કર્યાનો હુકમ રદ્ કરતો કમિશ્નર હુકમ ન કરે અથવા પરવાનાનું નૂતનીકરણ કરવામાં ન આવ્યુ હોય. જોકે પરવાનાની મુદતમાં પરવાનો રીન્યુ કરવા અરજી કરી હોય ત્યારે જયાં સુધી હુકમ ન મળે ત્યાં સુધી પરવાનો નૂતન કરી લીધાનું માનવાનું રહેશે.

(૫) કમિશ્નર જયારે ફરમાવે ત્યારે પરવાનો રજુ કરવાનો રહેશે.

(૬) પરવાનાની દરેક અરજી કમિશ્નરને સંબોધીને કરવાની રહેશે.

Scanned by CamScanner

દંડ :

કલમ : ૩૯૨ : (૧) એકટની કલમો : પેટા કલમો : બિંધોનો ભંગ કરશે જેની જોગવાઈ પરીશીષ્ટ-૨ ના ટેબલના ભાગ-૧ માં દર્શાવ્યા મુજબ હશે અને તેની પુર્તતા કરવાનું ચુકે તેવી વ્યકિત સદર પાર્ટના કોલમ-૨ માં દર્શાવેલ રકમના દંડને પાત્ર ઠરશે.

(૨) દોષિત ઠર્યા પછી પણ કસુર ચાલે રાખશે તો તે દરેક દિવસ કે જયાં સુધી કસુર ચાલુ રાખશે ત્યાં સુધી કોલમ-૨ માં દર્શાવેલ દંડને રોજેરોજ પત્ર ઠરશે.

કલમ : ૩૯૬ : આ કાયદાની કલમ ૬૧ અને ૬૨ કે જે જરુરી સેવાઓના કર્મચારીઓને લગતી છે તે ભંગ કરશે તો તેને ૧ વર્ષની કેદની સજા થઈ શકશે.

કલમ : ૪૦૨ : કોઈ વ્યકિત કોર્પો.ની મિલકતને નુકશાન કરે અને તે માટે દોષિત ઠરે તો તેને કરવામાં આવતી શિક્ષા ઉપરાંત નુકશાનનું વળતર પણ તેવી વ્યકિતએ ચુકવવાનું છે.

વળતરની રકમ બાબતે વિવાદ હોય તો શિક્ષા કરનાર મેસ્ટ્રેટ ધ્વારા વળતરની રકમ નકી કરવામાં આવશે અને તે મેજીસ્ટ્રેટ પાસેથી વોરંટ મેળવી વળતરની રકમ દંડની રકમ જેમ વસુલ કરી શકાશે.

આકારણી અને કરો સામેની અપીલ :

કલમ : ૪૦૬ : નીચે દર્શાવેલી શરતોને આધીન આકારણી, તે ઉપર આકારેલા કરવેરા સંદર્ભે અપીલ કરી શકાશે અને તે જજ સાંભળી નિર્ણીત કરશે.

(એ.) ફરીયાદના ઉત્પન્ન થયેલા કારણના ૧૫ દિવસની અંદર તે કરેલી હોવી જોઈશે.

(બી.) આકારણી લાયક કિંમત સામેની અપીલ પ્રથમ કમિશ્નરને કરેલી હોવી જોઈશે અને તેનો નિકાલ થયેલો હોવો જોઈએ.

Scanned by CamScanner

(સી.) વેરા સામેની અપીલ કરતા અગાઉ પ્રથમ કમિશનરને ફરીયાદ કરેલી હોવી જોઈએ અને તેનો નિકાલ થયેલો હોવો જોઈશે.

(ડી.) આકારણી પુસ્તિકામાં થતા સુધારા સંદર્ભે સુધારાની માહિતી મળ્યાના ૧૫ દિવસમાં અપીલ કરવી જોઈએ અને તે અગાઉ કરેલી ફરિયાદ નિકાલે થઈ હોવી જોઈશે.

<u>મહાનગર પાલિકાના વેરા સિવાયના લ્હેણાંની વસુલાત :</u>

કલમ : ૪૩૮ : મ્યુ. કમિશનર આ કાયદાની કલમ ૬૦, ૨૩૧, ૨૩૯ (૩), ૨૨૬ (૨), ૨૨૭ (૩), ૨૩૨, ૨૪૪ (૩), ૨૪૫ (૩), ૨૬૪ હેઠળના શીડયુના તમામ ખર્ચ વસુલવા દુર કરેલ સામાનના વેચાણમાંથી વસુલશે અને જો તેમ છતાં બાકી રહેશે તો તે માલિક પાસેથી વસુલ કરશે.

કલમ : ૪૩૯ : આ કાયદા હેઠળ વસુલ કરવાપાત્ર ખર્ચ માંગણા બાદ પણ ભરપાઈ ન કરે તો મિલકત વેરાની બાકી રકમ તરીકે વસુલ કરી શકાશે.

(૧) આ કાયદા, પેટા કાયદા નિયમો હેઠળ કોઈ કાર્યવાહી કરવાના ખર્ચ કરવામાં આવે તો માંગવાના સબધિત અધિકારીને અધિકાર છે અને માંગણું કર્યેથી તે ભરપાઈ કરવાના થશે.

(૨) માંગણા બાદ પણ ભરવામાં ન આવે તો જંગમ મિલકત કબજે લઈ વેચી અગર સ્થાયી મિલકત ટાંચમાં લઈ વેચાણ કરી વસુલ કરી શકાશે જાણે કે તે મિલકત વેરાની બાકી રકમ છે.

(૩) કમિશનર માંગણી મુકે ત્યારે તે માંગણાના અધિકાર અગર માંગણાની રકમ વિષે વિવાદ હોય ત્યારે વિવાદ જજને સંદર્ભીત કરવામાં આવશે.

(૪) જજ તે બાબતે જે નિર્ણય આપશે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

Scanned by CamScanner

નિયંત્રણ :

કલમ : ૪૫૧ (૧) રાજય સરકાર આ કાયદા હેઠળ લેવાયેલા પગલાં, ઠરાવો વગેરેને અમલ મોકુફ કરી શકશે.

(૨) રાજય સરકાર તે અંગેના હુકમને કોર્પો. પર મોકલશે.

(૩) કોર્પોરેશનની રજુઆત પર તેવા હુકમ સુધારશે, અથવા અમલ મોકુફીનો હુકમ રદ્ કરશે.

કલમ : ૪૫૨ : રાજય સરકાર કોર્પોરેશન ધ્વારા સતત બીન કાર્યક્ષમતા દાખવશે, સત્તાઓનો વધુ પડતો ઉપયોગ અથવા દુરુપયોગ કરશે તો તેવી કોર્પોરેશનને બરખાસ્ત કરી શકશે.

કલમ : ૪૫૪ : આધારે આ કાયદાને સુસંગત એવા નિયમો, પેટા કાયદા સ્થાયી હુકમો કરી શકશે.

કલમ : ૪૫૬ : નિયમો બનાવવાની સત્તા

કલમ :૪૫૭ : કયા બાબતે નિયમો બનાવી શકાય તે દર્શાવેલ છે.

કલમ : ૪૫૮ : પેટા કાયદા બનાવવાની સત્તા

કલમ : ૪૬૫ : રેગ્યુલેશન બનાવવાની સત્તા

કલમ : ૪૬૬ : સ્થાયી આદેશો બનાવવાની કમિ.ની સત્તા

કલમ : ૪૭૨ : સુચનાઓ કેવી રીતે બનાવી શકાય તે દર્શાવેલ છે.

કલમ : ૪૮૩ : આ કાયદાના અમલીકરણ માટે પોલીસે મદદ કરવાની છે.

Scanned by CamScanner